કઠલાલના મહેરબાન એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, જી.ખેડા.

ક્રિ.કે.નં.૯૧૧/૨૦૨૨

આંક–૭

ફરીયાદીઃ– શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ– દેવરાજસિંહ ઉર્ફે દેવો રાયમલસિંહ ચૌહાણ
રહે.રતનપુર તાબે ગોકળપુરા,
તા.કઠલાલ, જી.ખેડા.

## ઠરાવ

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંતે પોલીસ આરોપી સામે ઉપરોક્ત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટ રુબરુ હાજર થતાં તેને કેસ પેપર્સની નકલો આપી આંક–૪ થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. આરોપીની આંક–૫ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ. તેમજ આંક–૬ થી ગુન્હા કબુલાતની પુરસીસ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરસીસ રેકર્ડ લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે ધી બોમ્બે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એએ, મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની આંક–૬ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) આ કામે સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામે મહત્તમ ૩ વર્ષ સુધી કેદની સજા અને દંડની જોગવાઈ છે. આમ આરોપીની સ્થિતિ, સંજોગો વિગેરે ધ્યાને લેતા કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, વિ.એ.પી.પી. શ્રી તથા આરોપીને

સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબ હુકમ કરું છું.

**<u>આખરી હુકમ</u>**

આરોપી દેવરાજસિંહ ઉર્ફે દેવો રાયમલસિંહ ચૌહાણ રહે.રતનપુર તાબે ગોકળપુરા, તા.કઠલાલ, જી.ખેડાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને પ્રોહીબીશન એકટના ગુના માટે કોર્ટ ઉઠતા સુધીની સજા રુ.૧૦૦/– દંડ અને દંડ ન ભરે તો દિન–૭ની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આરોપીએ કુલ દંડ રુ.૧૦૦/– જમા કરાવવો.

મુદ્દામાલ ગેલન અપીલ સમય વિત્યે સરકાર ખાલસા કરવા અને બાકીનો મુદ્દામાલ અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૧૧મી, માહે–ફેબ્રુઆરી, સને–૨૦૨૩ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

કઠલાલ.
તા.૧૧–૦૨–૨૦૨૩

(મોહંમદ ફરહાદ સલીમ લોહિયા)
એડીશનલ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
કઠલાલ.
કોડ નં.જી.જે.૦૧૬૭૬